Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટો કે જયાં હાયર પેમેન્ટની બેઠકો નિયત કરાયેલ છે ત્યાં વિદ્યાર્થીઓને **" પ્રોત્સાહન શિષ્યવૃત્તિ "** એનાયત કરવા અંગે સિન્ડિકેટે તા. ૩–૧૨–૨૦૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ અન્વયે મંજૂર કરેલ છે. તેનો અમલ **શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૧૦** થી કરવાનો રહેશે.

" પ્રોત્સાહન શિષ્યવૃત્તિ " માટેની નીચે મુજબની રૂપરેખા નકકી કરવામાં આવેલ છે.

(૧) હાયર પેમેન્ટ સીટની જોગવાઈ હોય તેવા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં જ **"પ્રોત્સાહન શિષ્યવૃત્તિ"** નો અમલ કરવાનો રહેશે.

(૨) અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતાં અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટો કે જયાં હાયર પેમેન્ટની બેઠકો નિયત કરાયેલ છે ત્યાં જ યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાએ યુનિવર્સિટી દ્વારા લેવાતી વાર્ષિક પરીક્ષાના પરિણામમાં ઈન્ટર્નલ માર્કસ સિવાયના સૌથી વધુ / ઉંચું પરિણામ ધરાવતા વિષય દીઠ પ્રથમ વર્ષ અને બીજા વર્ષનાં વિદ્યાર્થીઓ પૈકીના ફકત ૧ (એક) વિદ્યાર્થીને વાર્ષિક **રૂા.૧,૫૦૦ /–** "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" એનાયત કરવામાં આવશે.

"પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" નો ખર્ચ હાયર પેમેન્ટ ફી ની આવકમાંથી કરવાનો રહેશે. યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રો / ડિપાર્ટમેન્ટોમાં જયાં હાયર પેમેન્ટ ની બેઠકો શુન્ય રહે તો ત્યાં યુનિવર્સિટીના હાયર પેમેન્ટ ફંડ માંથી સદર ખર્ચ કરવો. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટો કે જયાં હાયર પેમેન્ટ ની ફી યુનિવર્સિટીમાં જમા કરાવાની નથી અને જે તે ડિપાર્ટમેન્ટોમાં જ જમા રહે છે, ત્યાં ડિપાર્ટમેન્ટ દ્વારા હાયર પેમેન્ટ ફંડ માંથી સદર ખર્ચ કરવો.

(૩) અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષની અને બીજા વર્ષની પ્રોત્સાહન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે યુનિવર્સિટીમાંથી પરિણામ જાહેર થયેથી વિદ્યાર્થી દ્વારા માર્કશીટની નકલ રજૂ કર્યેથી કોલેજના આચાર્યશ્રી / યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટના વડાશ્રીએ અભ્યાસક્રમ દીઠ વિદ્યાર્થીઓના નામોની વિષયવાર યાદી યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં મોકલવાની રહેશે. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાંથી દરેક કોલેજો / યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટોની વિષયવાર એક સંયુકત યાદી તૈયાર કરી મા.કુલપતિશ્રી સમક્ષ રજૂ કરવાની રહેશે. મા.કુલપતિશ્રીને પ્રોત્સાહન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટેની સત્તા આપવામાં આવે છે. આ સમગ્ર કાર્યવાહી દર વર્ષે ૩૧ ઓકટોબર સુધીમાં પૂરી કરવાની રહેશે ત્યારબાદ શિષ્યવૃત્તિ અંગેની કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવી નહી. પરંતુ હાલમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૧૦ તથા ચાલુ વર્ષ ૨૦૧૦–૧૧ ના વર્ષની "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" અંગેની કાર્યવાહી એકસાથે કરવામાં આવશે.

(૪) "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" માટે વિદ્યાર્થીઓની ઉંમર તથા જાતિને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. 'પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" ફકત અને ફકત મેરીટ માર્કસ પ્રમાણે જ એનાયત કરવાની રહેશે. જે કોઈ વિદ્યાર્થીને"પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" એનાયત કરવામાં આવે તે અન્ય કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ લઈ શકશે.

(૫) જે કોઈ વિદ્યાર્થીઓનાં પરિણામમાં રી–ચેકીંગ કે રી–એસેસમેન્ટ નાં કારણે સુધારો થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને આ "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" નો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૭) "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" મેળવનાર વિદ્યાર્થી પરીક્ષા સબંધિત ગેરરીતિ કે યુનિવર્સિટી સબંધિત અન્ય કોઈ અનિચ્છીય બાબતો સાથે સંકળાયેલ હોવો જોઈએ નહિ.

(૮) " પ્રોત્સાહન શિષ્યવૃત્તિ " મેળવવા માટેનું નિયત અરજીપત્ર બિડાણ તરીકે આ સાથે સામેલ છે જે વિદ્યાર્થીઓને આપવાનું રહેશે. અરજીપત્રક સાથે **પ્રથમ વર્ષ** (પ્રથમ સેમેસ્ટર અને દ્વિતીય સેમેસ્ટર) / **બીજા વર્ષ** (ત્રીજા સેમેસ્ટર અને ચોથા સેમેસ્ટર) અનુસ્નાતક અભ્યાસક્રમની માર્કશીટની ઝેરોક્ષ નકલ જોડવાની રહેશે.

**બિડાણ :** ઉપર મુજબ

ક્રમાંક : પીજી / પરિપત્ર / ૯૩૯ / ૨૦૧૧ **કુલસચિવ**
તા. ૨૫–૧–૨૦૧૧

**નકલ સવિનય રવાના :** *.....જાણ તેમજ ઘટતી કાર્યવાહી માટે....*

(૧) યુનિવર્સિટીના તમામ ડિપાર્ટમેન્ટના વડાશ્રી,,
(૨) યુનિવર્સિટી સંલગ્ન અનુદાન પાત્ર કોલેજનાં આચાર્યશ્રી,
(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

# Veer Narmad South Gujarat Uniersity,Surat

**University Campus, Udhana Magdalla Road, Surat-395007**

## યુનિવર્સિટી પ્રોત્સાહન શિષ્યવૃત્તિ મેળવવા માટેનું અરજીપત્રક

(૧) વિદ્યાર્થીનું પુરેપુરુ નામ : ______________________________

(પ્રથમ અટક લખવી)

(૨) પત્ર વ્યવહાર માટે સરનામું : ______________________________

______________ પીન કોડ : __________ મોબાઈલ નંબર : ______________

ઘર (કોડ નંબર સહિત) : __________

(૩) શૈક્ષણિક વર્ષ : ______________માં વિદ્યાર્થી કયા અનુસ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરે છે ?

એમ.એ. ☐ એમ.કોમ. ☐ એમ.એસસી. ☐ વિષય ______________વર્ષ : ૧ ☐ ૨ ☐

(૪) વિદ્યાર્થી યુનિવર્સિટીના કયા ડિપાર્ટમેન્ટ અથવા કોલેજમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરે છે ?

______________________________

(૫) વિદ્યાર્થીનો રજીસ્ટ્રેશન આઈ.ડી. નંબર : ______________________________

(૬) વિદ્યાર્થીની શૈક્ષણિક લાયકત : (પ્રોત્સાહન શિષ્યવૃત્તિ મેળવવા)

| પરીક્ષાનું નામ | પરીક્ષા બેઠક નંબર | મેળવેલ ગુણ *(ઈન્ટર્નલ સિવાયના ફક્ત યુનિવર્સિટી પરીક્ષાના)* | કુલ ગુણ | પરીક્ષા પાસ થયાનું વર્ષ |
|---|---|---|---|---|
| એમ.એ. /એમ.કોમ./એમ.એસસી. વર્ષ : ૧ | | | | |
| એમ.એ. /એમ.કોમ./એમ.એસસી. વર્ષ : ૨ | | | | |

આથી હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે, ઉપરોકત દર્શાવેલ માહિતી મારી જાણ અને સમજ પ્રમાણે સાચી છે અને જો કોઈ માહિતી કે વિગત ખોટી કે ગેરમાર્ગે દોરનારી કે છુપાયેલી જણાશે તો મારી મળવાપાત્ર પ્રોત્સાહન શિષ્યવૃત્તિ રદ કરવામાં આવશે અને તેમાં મારો કોઈ હકક દાવો રહેશે નહિ. આ ઉપરાંત પ્રોત્સાહન શિષ્યવૃત્તિ બાબતે યુનિવર્સિટી દ્વારા સમયાંતરે નિયમોમાં જે ફેરફાર થાય તે મને બંધનકર્તા છે.

______________

( વિદ્યાર્થીની સહિ )

## (કાર્યાલયના ઉપયોગ માટે)

અરજીકર્તા વિદ્યાર્થી દ્વારા રજૂ કરવામાં આવેલ ઉપરોકત માહિતી સાચી છે. સદરહૂ માહિતીને ધ્યાને લેતાં યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવતી પ્રોત્સાહન શિષ્યવૃત્તિના નિયમો અનુસાર અરજીકર્તા વિદ્યાર્થી ______________ ______________ ને શૈક્ષણિક વર્ષ : ______________માટે પ્રોત્સાહન શિષ્યવૃત્તિ આપવા આથી ભલામણ કરવામાં આવે છે.

**સ્થળ :** ______________

**તારીખ :**______________

______________

**યુનિ. ડિપાર્ટમેન્ટના વડાશ્રી /**
**કોલેજના આચાર્યશ્રીના સહી / સિકકા**

***નોંધ : યુનિવર્સિટી પ્રોત્સાહન શિષ્યવૃત્તિના માર્ગદર્શક નિયમો પાછળના પાન ઉપર દર્શાવેલ છે.***

(પાછળ)

# <u>પ્રોત્સાહન શિષ્યવૃત્તિને લગતી સૂચનાઓ</u>

(૧) હાયર પેમેન્ટ સીટની જોગવાઈ હોય તેવા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં જ **"પ્રોત્સાહન શિષ્યવૃત્તિ"** નો અમલ કરવામાં આવશે.

(૨) અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતાં અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટો કે જયાં હાયર પેમેન્ટની બેઠકો નિયત કરાયેલ છે ત્યાં જ યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાએ યુનિવર્સિટી દ્વારા લેવાતી વાર્ષિક પરીક્ષાના પરિણામમાં ઈન્ટર્નલ માર્કસ સિવાયના સૌથી વધુ / ઉંચું પરિણામ ધરાવતા વિષય દીઠ પ્રથમ વર્ષ અને બીજા વર્ષનાં વિદ્યાર્થીઓ પૈકીના ફકત ૧ (એક) વિદ્યાર્થીને વાર્ષિક **₹ ૧,૫૦૦/–** "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" એનાયત કરવામાં આવશે.

(૩) અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષની અને બીજા વર્ષની "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" એનાયત કરવા માટે યુનિવર્સિટીમાંથી પરિણામ જાહેર થયેથી વિદ્યાર્થી દ્વારા માર્કશીટની ઝેરોક્ષ અરજીપત્રકની સાથે જોડી કોલેજમાં અચૂક જમા કરાવાની રહેશે. આ સમગ્ર કાર્યવાહી **૩૧ ઓકટોબર** સુધીમાં પૂરી કરવાની રહશે ત્યારબાદ શિષ્યવૃત્તિ અંગેની કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહિ.

(૪) "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" માટે વિદ્યાર્થીઓની ઉંમર તથા જાતિને ધ્યાનમાં લેવામાં આવશે નહી. "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" ફકત અને ફકત મેરીટ માર્કસ પ્રમાણે જ એનાયત કરવામાં આવશે.

(૫) જે કોઈ વિદ્યાર્થીને "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" એનાયત કરવામાં આવે છે તે વિદ્યાર્થી અન્ય કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ લઈ શકશે.

(૬) જે કોઈ વિદ્યાર્થીઓનાં પરિણામમાં રી–ચેકીંગ કે રી–એસેસમેન્ટ નાં કારણે સુધારો થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને આ "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" નો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૭) "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" મેળવનાર વિદ્યાર્થી પરીક્ષા સબંધિત ગેરરીતિ કે યુનિવર્સિટી સબંધિત અન્ય કોઈ અનિચ્છીય બાબતો સાથે સંકળાયેલ હોવો જોઈએ નહિ.

* * *